સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

રસીના આંકડાઓની માયાજાળે રાચે છે!
જાણે મળી ગઈ મોટી સિદ્ધિ એમ નાચે છે!
કાપ્યું કાચે કાચું, કહે છે વિશ્વ સંસ્થા પણ -
રસી લેનારા પણ, લ્યો! કોરોનાની આંચે છે!!
(બંને રસી લેનારા ૧ માસ પછી ૧૮૮ લોકો સંક્રમિત થયા - અહેવાલ)

હાઈકુ

કોરોના રસી!
ધ્યાન હટાવવાનું -
સાધન માત્ર?!
(બચાવ પ્રયુક્તિ - ઢાલ)

કોરોના રસી,
માયાવી ઈન્દ્રજાળ -
જાદુગરોની...
(જાદુઈ લાકડી માત્ર)

ચિંતન

વૈરાગ્ય બોધૌ પુરુષસ્ય પક્ષિવત્ પક્ષૌ બિજાનીહિ વિચક્ષણ ત્વમ્ ।
વિમુક્તિ સૌધાગ્ર તલાધિરોહણં તાભ્યાં વિના નાન્યતરેણ સિધ્યતિ ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

હે ચતુર બુદ્ધિમાન ! વૈરાગ્ય અને બોધને મનુષ્યને માટે પક્ષીની બે આંખો સમાન જાણ. આ બે સિવાય અન્ય કોઈ સાધનથી મોક્ષરુપી મહેલની અગાશી પર ચઢવું સંભવ નથી.

મુક્તિ માટે બે સાધન છે. વૈરાગ્ય અને બોધ. હે શ્રોતા... સમજી લે કે આ બે સાધન પક્ષીની આંખ જેવા છે. પક્ષી એક પાંખથી ઊડી ન શકે. બૌદ્ધિક સાધન અને વૈરાગ્ય છે. હાર્દિક સાધન, ચિત્તમાં વિરક્ત હોય, હૃદયમાં આસક્તિ ન હોય અને બુદ્ધિમાં સમજ હોય. મુક્તિના ઈમારતની ઉપરી મંજિલ પર પહોંચ્યું હોય તો આ બે પાંખોથી પહોંચી શકાશે.

બુદ્ધિમાં સમજ છે પરંતુ વિષયોની આસક્તિ છૂટતી નથી. તો પણ મનુષ્ય મુક્તિ તરફ નહીં જઈ શકે. વૈરાગ્ય અને બોધ બંને જરૂરી છે.

સુવિચાર

- ખંતપૂર્વક કામ કરવાથી સાધારણ બુદ્ધિનો માણસ પણ અસાધારણ કાર્ય કરવામાં સફળ થાય છે - **જહોન રસ્કિન**
- જાત મહેનતમાંથી જે શિક્ષણ મળે છે તે જ સૌથી ઉત્તમ કોટિનું શિક્ષણ છે - **વેન્ડેલ ફિલિપ્સ**
- વચન, પ્રવચન અને વિવેચન કરનાર કેટલાયે છે પણ આચરણ કરનારાઓ તો ભાગ્યે જ સુકાળ વરતાય છે - **કાંતિ ભટ્ટ**
- સુરજને ગુડ મોર્નિંગ કહેવાનું શીખો ને ઝૂકીને ચાંદને સલામ કરો. બીજું તો કામ કરે ઉપરવાળો, તમે માણસને ચાહવાનું કામ કરો - **મુકેશ જોશી**
- ન ધારેલું કે ન કલ્પેલું એકાએક બને ત્યારે સહેજે વિચલિત થયા વિના સ્વસ્થતા અને સંયમ જાળવી સામનો કરનારા જ દુર્ભાગ્યને સદ્‌ભાગ્યમાં ફેરવી શકે છે - **જીવન પાથેય**
- સમતા અને સ્થિત પ્રજ્ઞાવસ્થા જેવું કોઈ સુખ નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : લસણના રસમાં કપૂર મિક્સ કરી ગઠિયા વા ના દુઃખાવામાં માલિશ કરવાથી રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

રમણ મહર્ષિના આશ્રમમાં એક માણસ રહેતો હતો. એની સ્થિતિ જોઈને બધાને ખૂબ જ આશ્ચર્ય થતું. એ માણસ એક નાની ઓરડીમાં પડ્યો રહેતો. બેઠો રહે તો કલાકો બેઠો રહેતો. સુઈ રહેતો તો એક બે દિવસ સુઈ રહેતો. આકાશ સામે પણ તાકી રહેતો. કોઈ ખાવાનું આપવા જાય તો ખાય. ન પણ જાય તો પણ માગે નહીં. લોકોને થતું. આ પાગલ લાગે છે. કોઈ કહેયું, 'ના ઢોંગી છે' કોઈને થતું 'આળસુ છે' અંદર અંદર ચર્ચાએ જોર પકડ્યું. બધામાં એક મહર્ષિના પ્રિય શિષ્યમાંનો એકે નક્કી કર્યું કે 'ગુરુને આ વ્યક્તિ માટે પૃછા કરવી.' એક દિવસ સવારના મહર્ષિને શિષ્યએ પ્રશ્ન કર્યો. 'ગુરુદેવ!! પેલા કોટડીવાળા આશ્રમવાસીની સ્થિતિ કેવી છે.' મહર્ષિ એ પેલા શિષ્યની સામે તીખી નજરે જોતાં પૂછ્યું, 'ભાઈ, શું તું તારી પોતાની સ્થિતિ જાણે છે કે બીજાની સ્થિતિ જાણા માટે ખણખોદ કરતો રહે છે' શિષ્યને તો કલ્પના પણ ન હતી કે આવો તીખો પ્રશ્ન ગુરુદેવ પૂછશે. ગુરુએ આગળ કહ્યું, 'આની સ્થિતિ કેવી છે, પેલાની સ્થિતિ કેવી છે. એનો તેં ઠેકો લીધો છે કે ? તું પોતાની સ્થિતિ જાણે છે કે તારી સ્થિતિ કેવી છે?' શિષ્ય કહ્યું, 'ના જી' ગુરુદેવે કહ્યું 'તો પહેલા પોતાની સ્થિતિ શોધ, પોતાને શોધ.' શિષ્યને ગુરુદેવ એક અલગ પાઠ બે દિવસે શીખવાડ્યો.

કોરોના - કરફ્યુ જીવનનો ભાગ

તંત્રીસ્થાનેથી...

કોરોના સામે હવે લાંબા સમય સુધી લડતા રહેવાનું છે, એની પ્રતીતિ વિશ્વનેતાઓથી લઈ આમ જનતાને થઈ ચૂકી છે. વારંવાર કોરોનાને 'હરાવવા'નાં બણગાં ફૂંકવાથી કોરોના હારી જવાનું નથી. એણે સમસ્ત જગત પર ભરડો લીધો છે પણ જેમને એની ગંભીરતા સમજાઈ અને એને આગળ વધતું અટકાવવા જરૂરી પગલાં ભર્યાં છે એવા દેશો મહદંશે સલામતી અનુભવી રહ્યા છે. કપટી ચીનમાં કોરોનાનો પહેલો કેસ નોંધાયો હતો. વસતિનું કીડિયારું ઊભરાતું હોવા છતાં આ સામ્યવાદી દેશે કોરોના રુપી કાળીનાથને નાથ્યો છે એમ કહેવામાં અતિશયોક્તિ નહીં ગણાય. ન્યુઝીલેન્ડ, કેનેડા, ઓસ્ટ્રેલિયા વગેરે દેશોમાં અમેરિકા, ભારત, બ્રાઝિલ જેવા દેશો જેવું ભયનું વાતાવરણ નથી. ભારત બહુ મોટા દાવા કરતું રહ્યું, થાળીઓ અને તાળીઓ વગાડતું રહ્યું - પણ એ કોરોનાની નાગચૂડમાં બરાબર ફસાઈ ચૂક્યું છે. આમાં મહત્વાકાંક્ષી અને સત્તાલક્ષી સરકાર અને અબુધ પ્રજા બેઉ સરખે સરખાં જવાબદાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કલ્પનાશીલ નેતા જરૂર હોઈ શકે છે, પરંતુ ચાઈનીઝ કોરોના એમની આમન્યા નહીં પાળે. એ તો હાથીની ગતમાં આગળ વધતું વિષાણું છે. એને સીબીઆઈ કે ઈન્કમટેક્ષવાળાઓની બીક નથી. મહારાષ્ટ્ર કોરોનાનું વૈશ્વિક હોટસ્પોટ બની ગયું છે, પણ કેન્દ્ર અને રાજય સરકાર તો એન્ટિલિયા કેસના સંદર્ભે મહારાષ્ટ્ર સરકારમાં ચાલતા કૌભાંડો સબબ જ એકમેક સામે બાંયો ચડાવી રહ્યાં છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રીને બિન ભાજપી રાજયો કોરોના મેનેજમેન્ટ અને વેક્સીનેશન કાર્યક્રમમાં નિષ્ફળ જઈ રહ્યાં હોય એવું લાગે છે. જયાં સુધી આવી જીવલેણ મહામારીને પણ રાજકીય ચશ્માંથી જોતા રહીશું ત્યાં સુધી કોરોનાને ઊની આંચ આવવાની નથી તે નક્કી છે. ગુજરાતની હાલત બદથી બદતર થઈ ચૂકી છે. ખુદ સરકારે કબૂલવું પડ્યું છે કે કોરોના કાબૂ બહાર જતું રહ્યાં છે. સરકાર યેનકેન પ્રકારેણ બગડેલી બાજી સુધારવા કોશિશ કરી રહી છે. વડાપ્રધાન પોતે કહે છે કે ટેસ્ટીંગ વધારો. ટેસ્ટીંગ વધારતાં આંકડાં વધશે, જે અત્યાર લગી કોઈ અગમ્ય કારણોસર ઓછા બતાવવાનો વ્યૂહ અપનાવાયો હતો. મહાનગરોમાં લાશોના ઢગ ખડકાઈ રહ્યા છે. સ્મશાનોમાં લાઈનો લાગી છે અને હોસ્પિટલોમાં બેડ ખાલી નથી. શક્ય ત્યાં સુધી કોરોના પોઝિટિવ કેસોને ઘેર બેઠાં સારવાર લેવાની સલાહ અપાઈ રહી છે. મૃત્યુઆંક ભયજનક રીતે વધી રહ્યો છે. રેમડેસેવીર અને અન્ય દવાઓ શોધી જડતી નથી. આવી વિકટ પરિસ્થિતિ એટલે 'અરાજકતા.' આ અરાજકતામાં પ્રજાને બહાર લાવવી એ પ્રજાસનની કસોટી છે. પ્રજા એની મેળે નહીં સમજે ત્યાં સુધી પ્રશાસનના પ્રયત્નો સફળ થવાના નથી. સુરત કયારેક 'સોનાની મૂરત' ગણાતું નગર હતું. અત્યારે એ 'મૃતકોનું મહાનગર' બની ગયું છે. સાચા આંકડા બહાર પાડતાં પ્રશાસન પણ ગભરાય છે. પણ સુરતની તમામ હોસ્પિટલોમાં ઈમજન્સી સિવાય માત્ર અને માત્ર કોવિડ-૧૯ ના દરદીઓને જ દાખલ કરાય છે. ઓપીડી બંધ કરવી પડી છે અને આસપાસના વિસ્તારોથી સુરત આવતા લોકોને સુરત આવવાનું ટાળવા ભલામણ કરાઈ છે. વડોદરા કે રાજકોટની સ્થિતિ પણ વણસેલી છે. અમદાવાદ બરબાદ થઈ ગયું છે. સરકાર ભારે મૂંઝવણમાં છે. રાત્રી કર્ફ્યુથી આગળ વધવામાં રહેલાં જોખમોથી એ વાકેફ છે. ફરી પાછું 'લોકડાઉન' નાખવાના મુદ્દે ખુદ વડાપ્રધાન સંમત નથી. 'નાઈટ કર્ફ્યૂ' માટે એમણે 'કોરોના કર્ફ્યૂ' શબ્દ પ્રયોજ્યો છે. કેવી વિડંબના છે કે મોદી શાસન દરમિયાન ગુજરાતમાં પ્રજા 'કરફ્યૂ' શબ્દ ભૂલી ગઈ હતી તે હવે રોજિંદી ઘટના બની ગઈ છે! રસીકરણ સંદર્ભે પણ શંકા-કુશંકા શરૂ થઈ ચૂકી છે. કોરોના કાચીંડાની જેમ રંગરૂપ બદલતું રહે છે!

કોરોના અને RT-PCRનો કહેર

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર

આજે ડાહ્યાલાલ ખૂબ જ ગાંડા જેવા મૂડમાં હતા. ગાંડાલાલની માસનિક પરિસ્થિતિ ડાહ્યાલાલ જેવી થઈ ગઈ છે.

> RT-PCR એ ઓફિશિયલ ડોક્યુમેન્ટ છે કે પછી RT-PCR અને રેપિડ બંને વચ્ચે કેટલો તફાવત?
>
> ●●●
>
> RT-PCR અને રેપિડ કર્યા સિવાય કોરોના છે કે એમ ના કહી શકાય

બંને જણા વડના ઝાડ નીચે બેસીને બહુ જ દુઃખ ભરી વાર્તાઓ કહી રહ્યા છે. ગાંડાલાલ બોલ્યા, અરે ભાઈ ડાહ્યાલાલ તું કેમ મારો જેવો થઈ ગયો છે કંઈ બોલતો નથી. ડાહ્યાલાલે ગાંડા કાઢવાના શરૂ કર્યા. શહેરથી ગામડા સુધી કોરોના પહોંચી ગયો છે. બધી જ જગ્યા પર હાહાકાર... લોકો દુઃખી છે. પહેલાં તો એવું કહેવાતું કે ૬૦ વર્ષની ઉપરના હોય, ડાયાબિટીસ વાળા હોય કે બીપી વાળા હોય એમને જ કોરોનાનો ભય છે પણ હવે તો માંડ માંડ મૂછો ફુટી હોય તેવા નવયુવાનોને પણ કોરોના મોતને ઘાટ ઉતારી દે છે. કોની ઉપર વિશ્વાસ રાખવો અને કોની પર ન રાખવો. ડૉકટરો, સરકાર બધા જ લાચાર છે. ન દેખાતી વસ્તુ આવી માનવજાતની મજાક ઉડાવે એ શરમજનક છે. મોટી મોટી વાતો કરનારા, મોટા મોટા દાવા કરનારા વૈજ્ઞાનિકો અને ડૉકટરો કયાં છે? ભારત જેવા દેશની વાત નથી. અમેરિકા, રશિયા, ઈંગ્લેન્ડ જેવા દેશમાં પણ લોકોની હાલત ખરાબ છે. ભારત જેવા દેશમાં તો શું થાય. કોરોનાના પહેલાં ચરણમાં તો આપણે ગમે તેમ કરીને પાર પાડી ચૂક્યા. કોની દયા હતી ખબર નહીં...પણ આપણે પાસ થઈ ગયા. બીજા ચરણમાં આપણી દશા અને દિશા બંને ખરાબ છે. પહેલાં તો ડાહ્યાલાલ એક કોરોનામાં શું થાય? શું કરવું? જોઈએ? મને વિગતવાર કહો. આ કોરોનાના કારણે ચાલતા રેપિટ ટેસ્ટ અને PCR ટેસ્ટ ખરેખર કોરોનાને શોધી શકે છે? RT-PCR ૧૦૦% સાચું જ હોય છે? અને સરકાર રેપિડ ટેસ્ટ કરે છે એટલે.... ડાહ્યાલાલે કહ્યું ચા મંગાવો યાર, ભળે દસ વાગ્યા આજે તો ચા પીવી છે. એવું ના કહેતા કે જમ્યા પહેલાં કે જમ્યા પછી ચા ના પીવાય. ચા પીધા પછી ડાહ્યાલાલે બોલવાનું ચાલ્યું કર્યું. ગાંડાલાલ તમે જાણો છો. એ પ્રમાણે ચીનમાંથી કોરોના વાયરસનો જન્મ થયો. ચીનમાં લાખો માણસોને મારી નાખીને ચીનની બહાર નીકળ્યો. ઈટાલી, અમેરિકા, ઈંગ્લેન્ડ બધાને બધી જ રીતે નુકશાન કરીને ભારતમાં પ્રવેશ્યો. ભારતમાં પહેલાં ચરણમાં બધાના એટલે કે સરકાર અને લોકોના સાંધા ગગડી ગયા છે. છતાં પણ લોકોના લગ્ન ચાલુંછે. સરકાર ચૂંટણીમાં વ્યસ્ત છે. કોઈને કંઈ પણ પડી નથી અને કોરોના પોતાનો પગ મજબૂત કરતો જાય છે.

કોરોના છે કે નહીં તેની ખબર કોરોનાના ટેસ્ટથી પડે. એક છે રેપિડ એન્ટીજન ટેસ્ટ અને બીજો છે PCR (પોલિમરેઝ ચેઈન રિએક્શન) જેને RT-PCR કહેવામાં આવે છે. રેપિટ ટેસ્ટની સેન્સીટીવીટી ૫૦% છે અને RT-PCRની સેન્સીટીવીટી ૬૫-૭૦% છે. એટલે કે કોઈ પણ મેથર્ડ ૧૦૦% કોરોનાનું નિદાન કરતી નથી. ૧૦૦% કેવી રીતે ખબર પડે કે કોરોના છે કે નહીં. એના માટે તમારા ચિન્હો જે કોરોનાને મળતા આવે તો તેને કોરોના માની જ લેવો જોઈએ. તેવા ચિહ્નો કે તાવ આવવો, ગળામાં દુઃખવું, અશક્તિ થવી, ઓક્સિજન લેવલ ૯૫થી નીચે જવું. તો તરત જ જ મેડિકલ સ્ટોરમાંથી કોરોનાની દવાની કીટ લઈને ચાલુ કરી દેવી. કોઈ ડૉકટર જોવે કે ના જોવે. દર્દીએ જાતે જ જાગૃત થવાની જરૂર છે. ડૉકટર સરકાર તમને મદદ કરે કે ન કરે તમારે જાતની મદદ કરવી રહી. ગાંડાલાલ બોલ્યા, ડાંહ્યાલાલ તમે સાચું બોલો છો. થોડું વધારે બોલો. એટલે દર્દીએ પોતે જ પોતાની જાતને કોઈના પણ વિશ્વાસે રાખ્યા સિવાય આગળ વધવાની જરૂર છે. દરેકની તારીખ અને તિથિ ભગવાન પાસે જવાની નક્કી છે. તમારો વારો આવ્યો તો તમને કોઈ બચાવી નહીં શખે. એટલે તાવ આવે ત્યારે લોહીનાં ટેસ્ટ કરાવી લો. CBC, CRP અને D-Dimer લેવલ નોર્મલ હોય તો અને તમારું Oxygen satiration ઉપર હોય તો તમને કંઈ જ નહીં થાય.

અગત્યની વસ્તુ એ છે કે કોરોનામાં સાવચેત રહેવું જરૂરી છે. આપણને કંઈક થાય જ નહીં તો હેરાન થઈશું. અત્યાર સુધીમાં જે કેસ બગડ્યા છે તે બધામાં ફેફસાંમાં ન્યુમોનિયા થઈ ગયો હોય એ લોકોનો જ બગડ્યા છે. કોરોનાના Symptoms પછી સામાન્ય રીતે D-Dimer બરાબર હોય, ફેફસામાં કફ ન હોય તો તમને કંઈ નહીં થાય. ફેફસામાં કફ છે કે નહીં એ કંઈ રીતે ખબર પડે ? એના માટે CT-Scan જ કરાવવો જોઈએ. સાદા X-ray થી કંઈ ખબર પડે નહીં...

સતજુગિયા સાંઇ : કવિ મનુભાઇ ત્રિવેદી

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

૧૯૧૪ થી ૧૯૭૨ વચ્ચે આપણી માતુભાષાના સાહિત્યકારો તેમજ ભાવકોએ એક તેજ લીસોટાનું દર્શન કર્યું. હજુ તો આ તેજ લીસોટાને પૂરો જાણીએ, માણીએ તથા પ્રમાણીએ ત્યાંજ ચન્દ્ર જેમ કાળી વાદળીના ઓછાયામાં આ તેજ લીસોટાને અદ્રષ્ય થતાં જોયો. અલબત્ત, તેના તેજનું પ્રતિબિંબ જે આપણે ઝીલ્યું તે સદાકાળ સ્મૃતિમાં રહે તેવું ભવ્ય તેમજ જાજવલ્યમાન છે. કવિ સરોદની ઓચિંતી તેમજ અણધારી વિદાય (એપ્રિલ-૧૯૭૨) આંચકો આપી જનારી હતી. ગ્રીષ્મ તથા એપ્રિલના સમન્વયમાં સરોદની સ્મૃતિ શિતળતાની અનુભૂતિ કરાવે છે. કાયદાના જાણતલ આ કવિને કાળનો કોઇ ગેબી સંદેશો અગાઉથી જ મળી ગયો હશે ?

ઊઠતી બજારે હાટ હવે
કેટલો વખત ? વહેવારના
ઉચાટ હવે કેટલો વખત ?
કાનાએ કાંકરી હવે લીધી છે
હાથમાં, અકબંધ રહેશે માટ
હવે કેટલો વખત ?

કવિ મનુભાઇ ત્રિવેદી – 'સરોદ- ગાફિલ' ની જન્મ શતાબ્દીનું વર્ષ ગુજરાતે હોંશભેર ૧૯૧૪માં ઉજવ્યું. કવિ આપણાં ન્યાયતંત્રમાં ન્યાયધીશની ફરજો બજાવતા હતા. કાયદાના થોથા સાથે આમતો તેમનો વ્યાવસાયિક પનારો પડ્યો હતો. પરંતુ આ વ્યાવસાયિક જીવનક્રમને પણ સંપૂર્ણપણે માન આપીને કવિએ અંતરમાં વહેતી સાહિત્ય સરવાણીને લીલીછમ્મ રાખી હતી. તેમના વ્યક્તિત્વની આ ખૂબી હતી.

પોતાની ઓળખમાં કવિએ ગામના પાદરમાં નાના એવા મંદિરના ઓટલે રામસાગરના સથવારે ભજન રેલાવતા અલહડબાવાનો દાખલો આપ્યો છે. ઓળખાવાની આ પણ એક અનોખી તેમજ અદ્વિતીય રીત હતી. ''બુલંદ નહિ પણ ઝીણો સૂર અને સભાન નહિ પરંતુ સૂઝે એવુ ગાન'' સરોદની રચનાઓની મુદ્રા છે તેવું શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળાનું વિધાન યથાર્થ છે. કાવ્યોની પ્રસાદી ઉપરાંત 'સરોદ' ની એક સુંદર વાર્તાશૈલિ પણ હતી. ''વેરાનના ચંદનવન''માં સરોદે ધાંગધ્રાના રાજવી સામે એક પવિત્ર બ્રહ્મતેજના નૈતિક વિજયનુ સુંદર ચિત્ર આલેખ્યુ છે. બ્રાહ્મણથી ભેટ ન બંધાય તેવા વિચારને વળગી રહી તેમણે રાજયના હૂકમની અવહેલના કરી. સમય આવ્યે રાજવીને પણ મોઢામોઢ સત્યને વળગી રહીને પોતાની વાત નિર્ભયતાથી રજૂ કરી. આવી કથાઓ માનવ હોવાનો ગૌરવભાવ પ્રગટાવે તેવી સબળ છે. સરોદની વાણીનુ પાણી સૂકાય તેવું નથી પરમ તત્વની પ્રસન્નતા તથા જનસમાન્યનો આદર એ કવિની ચિરંજીવી શકિત છે.

જેનો પાણોતિયો ભગવાન
એની વાડી બને ન વેરાન રે
એનો પાણોતિયો ભગવાન.

કવિ 'સરોદ' ના ઉપનામથી ભજનો અને 'ગાફિલ' ના ઉપનામથી ગઝલો લખતા હતા. સર્જનની આ બન્ને પ્રકારની રચનાઓમાં કવિએ પોતાની અલગ ભાત ઊભી કરેલી છે. ન્યાયધિશ તરીકે અનેક સ્થળોએ સેવા આપ્યા બાદ ૧૯૭૨ થી અમદાવાદની સ્મોલ કોઝ કોર્ટમાં જજ તરીકે કામ કરતાં હતા. કોલેજના અભ્યાસકાળ દરમિયાનજ તેમનું કાવ્યસર્જન શરૂ થઇ ગયુ હતું. સર્જનની આ પ્રકિયા ત્યારબાદ સતત વિકસતી તેમજ મહોરતી રહી હતી. કાયદાના આ અભ્યાસુ જજની અંતરની ઊંડી શ્રધ્ધા પરમપિતા પરમેશ્વર તરફ સ્થિર થયેલી હતી. કવિના શબ્દોમાં આવી પ્રભુ-નિષ્ઠા સુંદર શબ્દોમાં વ્યકત થઇ છે.

મારો રોડવનારો રામ
સારું – નરસું કાંઇ ન જાણું,
જાણું ન એનું દામ રે,
મારો રોડવનારો રામ.

જગતનિયંતાને જીવનની તમામ ગતિવિધિઓના ચાલકબળ તરીકે કવિએ નિહાળ્યા છે. આથી આ કુદરત સર્જીત ઘટમાળની કોઇ ઘટના તરફ કવિને વિશેષ ભાવ કે કુભાવ નથી. જે સ્થિતિ છે તેનોજ આભારવશતાથી સ્વીકાર છે. કવિ અસ્વીકારના નહિ પરંતુ સ્વીકારના માણસ છે.

અમને ભલા શું હોય
ખુશી, હોય યા ગમી ?
એણે દીધી, સ્વીકાર કર્યો
એ દશા ગમી
કાંઠે ઉતરતાં કહેવું પડ્યું
વિશ્વસિંધુને, જીવન ગમ્યું,
જુવાળ ગમ્યો, જાતરા ગમી,

ભજનના આ ભાતીગળ પ્રદેશમાં જે ડગ ભરે તે તો ભવપાર તરીને જીત મેળવવાજ સર્જાયેલો છે. મકરંદભાઇ કહે છે તેમ શરત માત્ર એટલીજ છે કે આ પ્રદેશમાં ડગ માંડતા પહેલા તમામ ગ્રહો – પૂર્વગ્રહો છોડવા પડે છે. ભજનોના પ્રદેશમાં વિશેષ દ્રષ્ટિપાતથી ખાંખાખોળા કરનારનેજ સતગુરુ ''વસ્તુ અમુલખલ્લલ્લ નો પ્રસાદ આપે છે.

આ ભજન પરંપરા અને મધ્યયુગના આપણાં સંત-કવિઓનો ''અંદાજે-બયાં'' જૂદો તરી આવે તેવો હતો. શ્લોક અને લોક વચ્ચેનું રૂડું અનુસંધાન આ ભક્ત કવિઓએજ કરી આપેલું છે. મેઘાણીભાઇ તો લખે છે કે આ સંત સાહિત્યનો, ભજનવાણીનો પ્રસાદ જો ન મળ્યો હોત તો એક કરુણાંતિકા સર્જાઇ હોત ! કારણ કે શાસ્ત્રોની અમૂલ્ય વાતો લોક સુધી ભક્ત કવિઓ સિવાય કોણ પહોંચાડી શકત ? ઋષિવર્ય વાલ્મીકીનું રામાયણ શ્રેષ્ઠ હોય તો પણ ઘર ઘર સુધી, જન-જન સુધી રામકથા તો સંત તુલસીદાસ રચિત રામચરિત માનસ થકી વિશેષ પહોંચી શકી. રવિ સાહેબ તથા ગંગાસતી જેવા સાધકોની શબ્દ સાધનાથી આપણું ભજન સાહિત્ય ઝળાહળા છે. ભજનના આ સર્જકોની વાણી તો ગંગાના પ્રવાહ જેમ નિર્મળ અને સમથળ રહી છે. કવિ શ્રીમકરંદ દવે કહે છે તેમ આ ભજનવાણીની ગંગોત્રી સુરતા છે તો એનો ગંગાસાગર છે શબદ. સુરતા અને શબ્દનો સુયોગ એજ ભજનની ખરી પરીતૃપ્તિનો અનુભવકરાવે છે. ભક્તોને મન તેનીજ ખરી કિમ્મત છે. ભજન માર્ગે સમજપૂર્વક પગલા પાડનારા ભક્તિમાર્ગના ખરા ઉપાસકો છે.

વનવગડાની કાંટું, એમાં
ફૂલડાં કેરી ફાંટું, રામ
એવી ભક્તિની વાટું.

ભજન એ ભક્તના અંતરમાંથી સહજ રીતે પ્રગટેલી વાણી છે. સરોદ લખે છે તેમ ભજન એ માલિક સાથેની કે માલિક સંબંધેની ''દો દો બાતાં'' છે. આ શબ્દોની સંગત માણવા જેવી છે.

અમદાવાદના ગઝલ પ્રસ્તુતિના એક કાર્યક્રમમાં આમ તો શ્રોતા તરીકે ગયા. પરંતુ મિત્રોના આગ્રહથી સ્ટેજ પર આવ્યા. સૌને સન્નતાથી ભરી દે તેવી રજૂઆત કરી. જીવનકાર્ય આટોપીને ત્યારબાદ 'સરોદ' સંતોની અખંડ જ્યોતમાં સ્થિર થયા.

સત્તા સામે હક્ક માટેની આ લડતમાં હું દુનિયાભરના બધા લોકોની સહાનુભૂતિ માંગુ છું

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

દાંડીકુચના વીસમા દિવસે મહાત્મા ગાંધીને મૌન વાર હતો એ દિવસની વાત છે. આખો દિવસ તેઓ અને તેમના સાથીઓ દેલાડ ગામ ખાતે રોકાયા હતા. દેલાડ શાંતિપૂર્વક મૌન વાર પાળીને સાથીઓ સાથે ગાંધીજી વિદાય લઈ ને છાપરાભાઠા ગામે પહોંચ્યા હતા. આ ગામમાં સેંકડો લોકો સુરતથી આવ્યા હતા. એ ઉપરાંત અમદાવાદ અને મુંબઈના મિલમાલિકો મોટરોમાં સહકુટુંબ ઉતરી પડ્યા હતા નટરાજન અને શાંતિકુમાર મોરારજી અહીં મળવા આવ્યા હતા.એ ઉપરાંત ચાર અમેરિકન યુવાનો પણ તેમના કેમેરા સાથે અહીં આવી પહોંચ્યા હતા. મહાત્મા ગાંધીને નાનકડા ઘરમાં ઉતારો અપાયો હતો જ્યારે સાથીઓને મંદિરમાં ઉતારો આપવામાં આવ્યો હતો. ગામલોકોએ દાંડીકૂચના સાથીઓ અને સંઘ માટે આવેલા મહેમાનો માટે જમવાની સુંદર વ્યવસ્થા કરી હતી. માત્ર સાતસો માણસની વસ્તી ધરાવતા આ ગામમાં રળિયામણા આંબાવાડિયાનાં મીઠા છાંયડે છ હજાર માણસોની સભા મળી હતી. ગાંધીજીનું સ્વાગત કરતા આ વિસ્તારના અગ્રણી ડો. ધીયાએ પોતાની મૂંઝવણ વ્યક્ત કરતા કહ્યું કે સરદારની બારડોલીની લડતનો લાભ ચોર્યાસી તાલુકાએ ઉઠાવ્યો છે છતાં આ તાલુકાએ સ્વરાજની લડતમાં હજી જોઈએ કેટલો ફાળો આપ્યો નથી પણ આશા છે કે હવે આ તાલુકો ગાંધીજીના આદેશ પ્રમાણે કામ કરશે.

હલાવી શૈલીમાં ભાષણ કરતાં ગાંધીજીએ કહ્યું કે કેદીઓને કોઈપણ પ્રકારની સ્વતંત્રતા હોતી નથી. જેલર જ્યાં ફેરવે ત્યાં ફરવું બેસાડે ત્યાં બેસવાનું અને અને સુવાડે ત્યાં સુવાનું. આ કુચ દરમિયાન જુદાજુદા તાલુકાના કોંગ્રેસના પ્રમુખ મારા જાણે જેલર થઈને બેસી ગયા છે. તેઓ જેમ બેસાડે, સુવાડે અને ખવડાવે તેમ મારે કરવું રહ્યું છે. બીજી જગ્યાએ પહોચું એટલે જેલર બદલાય અને નવા જેલર કબજો લે તેવા જ આજે મારા હાલ થયા છે. આજે ડોક્ટર ધીયા આવ્યા. બીજા તાલુકામાં બીજા આવશે. આ તાલીમ મારા માટે સારી છે. હું રોજ આ સરકાર મને પકડતી નથી એમ કહું છું, પણ વાઘ આવતો જ નથી. છાપાવાળા તો લખે છે કે હું જેલ જવા તલપી રહ્યો છું. આ વાતમાં અર્ધસત્ય છે. કાયદા ભંગ કરનારને નસીબે તો જેલ હોય જ એટલે અર્ધસત્ય. બાકી જેલમાં જવાનું હું મુદ્દલ તલપી નથી રહ્યો. સરદાર જેલમાં ગયા હોય તો પછી હું શું કામ જાઉં. મેં એક વાર સરદાર ને કહ્યું હતું તમારી રેખામાં જેલ નથી. હું તો અનેકવાર જેલ ભોગવી ચુક્યો છું એટલે તમે બહાર રહેજો, પણ ઈશ્વરની ઈચ્છા જુદી

> **૧૯૩૦ની ગાંધીની દાંડીકૂચ આજે પણ સમાજજીવનમાં અજવાળુ પાથરે છે**

હતી. સરકાર તેમને પહેલા જેલ લઈ ગઈ. આપણે જો સરદારની જેલ સજાના ત્રણ મહિનાનાં બદલે બે મહિનાની સજા ઓછી કરાવી શકીએ તો આપણા પ્રયત્નો ખરા કહી શકાય.

ગાંધી વધુમાં કહે છે કે બારડોલીએ દુઃખ સહન કરીને માગ્યું અને મેળવ્યું. ચોર્યાસી તાલુકાને વિના પ્રયત્ને મળી ગયું. એથી તો ચોર્યાસી તાલુકાએ ઋણ ચૂકવવું જોઈશે. હું જોઉં છું કે છેલ્લા બે-ત્રણ દિવસથી હવા બદલાઈ ગઈ છે, પણ ક્યારેક નિરીક્ષણ કરું છું તો આવા ઉત્સાહી ગામમાં એક રેંટીયો પણ નથી. એક રેંટીયો મળ્યો તે ય માંડ ચલાવી શકાય એવો, એટલે મેં શરત કરી કે કોઈ માથે કે ખભે મૂકીને પાસેના ગામથી રેંટીયો લઈ આવે તો આ ગામમાં તે રેંટીયો ઉપર કાતવા હું તૈયાર છું. એક સ્વયંસેવક દોડીને પાટીદાર આશ્રમમાંથી રેંટીયો લઈ આવ્યો. એ પછી એના ઉપર કાંત્યા વિના કેમ ચાલે? હમણાં જ એના ઉપર કાન્તીને આવ્યો છું. કરૂણ કથા એ છે કે આવા ગામમાં પણ રેંટીયો ન હોય, એવું જર્જરિત કામ આપણે કરીએ તો સરદાર ન છૂટે. સ્વરાજના ઘણા અંગ છે. આપણે ગાઈએ છીએ અને કહીએ છીએ કે 'સૂતરને તાંતણે સ્વરાજ' પણ એમ ગાવાથી કે કહેવા માત્રથી સ્વરાજ થોડું મળવાનું હતું? એ તો તાંતણા કાઢીએ ત્યારે મળે. આ રેંટીયાનું તો મેં ઉદાહરણ આપ્યું છે. એવું બીજું પણ કામ છે, એ કામ છે દારૂનું દૂષણ દૂર કરવાનું કામ પડેલું છે. ત્રીજી વાત અમદાવાદની બહેનોએ કચરો કાઢી ગામડા સાફ કરવાની શીખવી તે છે.આપણામાં કચરો ખૂબ ભરાઈ ગયો છે એટલે સ્વરાજનો મંત્ર આપણે ભૂલી ગયા છીએ. એ કાઢતાં આપણે સમાજના અને હૃદયના મેલને કાઢીશું. આ ગામમાં નાના નાના બાળકોએ આટલી સ્વચ્છતા કરી મૂકી તો આજે અહીં બધા માણસો બેસી શક્યા છે. કીમ નદી ઉપર લોકોએ રાત દિવસ મહેનત કરીને વિના ખર્ચે પુલ બાંધ્યો એમ લોકો આપમેળે શક્તિ પ્રમાણે કામ કરતા થઈ જાય તો સ્વરાજ માટેની શક્તિ પેદા થઈ જાય તો જ ખરું સ્વરાજ આપણે પામી શકીશું એમ સમજાવે છે.

આમ ગાંધીએ ત્યાં ઉપસ્થિત જનમેદની સાથે સ્વરાજ એટલે માત્ર ગોરા શાસનમાંથી મુક્તિનો બદલાવ નહિ પરંતુ એની સાથે સમાજજીવનની સડા સમાન જે સામાજિક સમસ્યાઓ હોય એ સમસ્યાઓને પણ નિર્મૂળ કરવાની વાત કરે